

RNI No. GUJGUJ/2011/44815

શ્રી સુર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનીષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિદ્ધિ

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL-12 ISSUE No. 10 Feb 2023 Pages 41



પામી શકયો ન તારો હું પાર આખરે તો,
ખર્ચાઈ વ્યર્થ જાશે અવતાર આખરે તો.
નાટક નથી તો શું છે; સંસાર આખરે તો;
ભજવે બધાંય ખુદનાં કિરદાર આખરે તો.
હો શસ્ત્ર પ્રેમને સેવાનું તો જીતી શકાય દુનિયા;
બાકી બધાય બુઠ્ઠા હથિયાર આખરે તો!!!

માલિક
શ્રી લોહાણા મહાપરિષદ
પ્રકાશક/પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તાત્કાલિન પ્રમુખ : પ્રવીણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાંત જે. તન્ના
સહતંત્રી : મીનાબેન મગદાણી
વ્યાવસ્થાપક : હરીશ બી. ઠક્કર

શ્રી લોહાણા મહાપરિષદ
પત્રવ્યવહારનું સરનામું:
રજીસ્ટર્ડ ઓફિસ:
**શ્રી લોહાણા મહાપરિષદ**
શ્રી લોહાણા કન્યાશાળા,
નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૮૦. ભારત
ફોન નં : ૯૧ ૨૨ ૨૫૬૧૭ ૯૨૫૦
મો. : ૭૯૭૭૯૫૮૩૩૦

સભ્ય પદ:
આજીવન લવાજમ
(ભારત) : રૂા. ૨,૦૦૦/-
આજીવન લવાજમ :
(ભારતની બહાર) રૂા. ૮,૦૦૦/-

ઈમેલ:
contact@lohanamahaparishad.org

વેબસાઈટ:
www.lohanamahaparishad.org


શ્રી રઘુકુળ વિશ્વમાં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો પર આધારિત છે. જે બાબતે શ્રી રઘુકુળ વિશ્વ કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

૧) માતૃસંસ્થાની અટારીએથી... LIBF : ચાલો સપના સાકાર કરીએ ...... ૧
૨) તંત્રી સ્થાનેથી... LIBF : સંગઠન, સમાજ હિત અને ઉત્કર્ષનો અનોખો ઉપક્રમ ...... ૨
૩) રાયપુર (છત્તીસગઢ) ખાતે મળેલી કારોબારી સમિતી તથા મધ્યસ્થ મહા સમિતી ...... ૩
૪) આફ્રિકાની મુલાકાત - લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ના અનુભવો ...... ૮
૫) કેન્યાથી પધારેલા મહેમાનોનું સ્વાગત ...... ૧૧
૬) લંડન થી આવેલા મહેમાનોનું કરેલું સ્વાગત ...... ૧૨
૭) જામનગરના સેવાભાવી અને અગ્રણી ઉદ્યોગપતિશ્રી તથા શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ ની ભાવનગરની શુભેચ્છા મુલાકાત ...... ૧૩
૮) એક દિવસીય ક્રિકેટ સ્પર્ધા ...... ૧૪
૯) શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન - સમુહ યજ્ઞોપવિત સમારોહ ...... ૧૬
૧૦) શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર (નોર્થ મહારાષ્ટ્ર) ...... ૧૮
૧૧) શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ દક્ષિણ ગુજરાત ઝોન ૮ ...... ૧૯
૧૨) શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર કોંકણ વિભાગ મહિલા સમિતિ તથા ખપોલી-પરેલી-જાંબુલપાડા રઘુવંશી એક્ટિવ લેડીઝ મહિલા મંડળ દ્વારા રમતગમત સ્પર્ધા ...... ૨૦
૧૩) શ્રી લોહાણા કન્યા છાત્રાલય પાલડી, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ...... ૨૧
૧૪) શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન, વલ્લભ વિદ્યાનગર ...... ૨૩
૧૫) જલારામ લોહાણા કન્યા છાત્રાલય, વિદ્યાનગર માં સાઈબર ક્રાઈમ ...... ૨૪
૧૬) બાળકો માટે અંતાક્ષરી સ્પર્ધા ...... ૨૫
૧૭) શ્રી લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર ...... ૨૬
૧૮) શાબશ રઘુવંશી ...... ૨૭
૧૯) રઘુવંશી અગ્રણીના પુત્રએ માઈનીંગ એન્જીનીયરીંગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો ...... ૨૭
૨૦) શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ - ડીસા જલારામ મંદિરે દર્શન ...... ૨૮
૨૧) ENVIRONMENT SEMINAR - ANKLESHWAR ...... ૨૯
૨૨) શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ ત્રીજીવાર ચેમ્પીયન મિડ-ડે કપ-૨૦૨૩ ...... ૩૧
૨૩) LOHANA INTERNATIONAL BUSINESS FORUM 2023 - AFRICA ...... ૩૨

માતૃસંસ્થાની અટારીએથી...

# LIBF : ચાલો સપના સાકાર કરીએ



વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો અને યુવા દોસ્તો,

સૌને જય જલારામ..... જય રઘુવંશ..... જય મહાપરિષદ....

આજ આવીને કાલ બદલે છે, આ સમય આમ સાલ બદલે છે, .... હા મિત્રો વર્ષ ૨૦૨૨ ને વિદાય કરી આપણે નવી ઉર્મિઓ અને આશાઓ તેમજ સ્વપ્નાઓ સાથે ૨૦૨૩માં પ્રવેશી ચુકયા છે. સમય કેવો ઝડપથી આપણી નજર સમક્ષથી પસાર થઈ રહ્યો છે. જોત જોતામાં માતૃસંસ્થાના પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારી તેને બે વર્ષ પૂર્ણ થઈ ગયા. પણ આપ સૌને જો યાદ હોય તો મે પ્રમુખનો પદભાર સંભાળ્યો ત્યારે જ મારો ૨૩ મુદાનો એક રોડ મેપ રજુ કર્યો હતો, જે અંતર્ગત શિક્ષણ અને આરોગ્યને મુખ્ય પ્રકલ્પો તરીકે કેન્દ્રમાં રાખી આપણે અનેકવિધ નવા ઈનિશિએટીવ્સ અપનાવ્યા, તેનો અમલ કર્યો અને આપણને એમા ઘણી સફળતા પણ મળી. આજે આ બન્ને પ્રકલ્પોનો લાભ જ્ઞાતિના છેવાડાના લાયક વિદ્યાર્થી તેમજ દર્દી સુધી પહોચી રહ્યો છે તેનો આપણને સૌને આનંદ અને ગર્વ છે. શિક્ષણ અને આરોગ્યના આ બન્ને પ્રકલ્પોને ગતીશીલ બનાવવામાં જે જે શ્રેષ્ઠીજનોએ તન, મન અને ધનથી સહકાર આપ્યો છે અને અત્યારે પણ આપી રહ્યા છે તે સૌ પરત્વે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.

ભાઈઓ-બહેનો, આપણા આ બન્ને મુખ્ય પ્રકલ્પોની સાથે સાથે હવે એ સમય આવી ગયો છે કે વૈશ્વિકરણના આ યુગમાં સમસ્ત વિશ્વમાં વસતા રઘુવંશીઓને માતૃસંસ્થાના માધ્યમથી એકબીજા સાથે જોડીએ. મારા આ વિચાર, મારા આ સપનાનું મુર્તિમંત સ્વરૂપ એટલે **LIBF - Lohana International Business Forum 2023 Africa Calling.** મિત્રો, ''રસ'' અને 'કસ'' બંને ગમી જાય તેવા શબ્દો છે. રસ આપણામા - આપણા જીવનમાં તો હોય જ, આપણી આસપાસની દુનિયામાં પણ હોવો જોઈએ. જીવન અને જગત કેવું છે અને તેની સાથે આપણો રઘુવંશી સમાજ કઈ રીતે ચાલી રહ્યો છે, તેનુ જો ધ્યાન રાખીએ, તેની ગતિ-દિશાને એમા રસ લઈને જો સુપેરે સમજીએ તો તેથી કશું ખોવાનું નથી, બલ્કે લાભ જ લાભ છે અને તેથીજ સમયની માંગ અને જરૂરીયાતને પારખી **LIBF-2023 Africa Calling** નું મહાસંમેલન કંમ્પાલા - યુંગાડા ખાતે આગામી તા. ૧૯ થી ૨૨ માર્ચ, ૨૦૨૩ દરમિયાન આયોજીત કરાયું છે, જેનો વિશ્વભરના ૨૪ જેટલા દેશોમાં વસતા રઘુવંશીઓ તરફથી અદભૂત પ્રતિસાદ **(response)** સાંપડી રહ્યો છે.

અત્રે એ વાતની નોંધ લેતા આપણને સૌને ખૂબ ગર્વ અનુભવાય છે કે માતૃસંસ્થાના ઈતિહાસમાં **LIBF-2023** એક એવી પ્રથમ ઘટના હશે કે જયાં માતૃસંસ્થાના મંચ પર વિશ્વના **elite business tycoons** એક સાથે મળશે, એકબીજાના વ્યવસાય, વિચાર અને કાર્યશૈલી તેમજ કૌશલ્યો ને ઓળખશે, આપ લે કરશે અને અંતે આપસી સમજ **(Mutual understanding)** કેળવી વ્યવસાયિક સંબંધોની શરૂઆત કરશે. આ રીતે તેઓ પોતાના વિકાસની સાથે સમસ્ત જ્ઞાતિ ઉત્કર્ષમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાનું યોગદાન આપશે.

સેવાના ભેખધારી, જ્ઞાતિહિતને વરેલા અને દીર્ઘદ્રષ્ટા એવા મહાપરિષદના સર્વેપૂર્વ સુકાનીઓ અને સંનિષ્ઠ કાર્યકરોએ જે સપનાઓની કલ્પના કરી હતી તે સર્વે સપનાઓને સાકાર કરવા હું અને મારી ટીમના ઉત્સાહી અને નિષ્ઠાવાન કાર્યકરો નમ્ર પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે જે ઉમળકા, ઉત્સાહ અને ઐકયના ભાવ સાથે વિશ્વભરના જ્ઞાતિશ્રેષ્ઠીઓનો સહકાર મળી રહ્યો છે તે જોતા **LIBF-2023 Africa Calling** સફળતાને શીખરે નિશંક પહોચશે જ.

ભાઈઓ-બહેનો, ચાલો આપણે સૌ સાથે મળી જ્ઞાતિ ઉત્કર્ષ ના આપણા સપના સાકાર કરીએ અને મહાપરિષદને ઉચ્ચતેમ સ્થાને પહોચાડીએ....

**સતિષ ડી. વિઠલાણી**
પ્રમુખ

તંત્રી સ્થાનેથી...

# LIBF : સંગઠન, સમાજ હિત અને ઉત્કર્ષનો અનોખો ઉપક્રમ



''હું'' થી 'અમે' અને મારાથી આપણા એટલે કે 'સ્વ' થી 'સર્વ' સુધી પહોચવાની યાત્રા એટલે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ....

એવું કહેવાય છે કે કોઈપણ સમાજ કે જ્ઞાતિને વિકાસ સાધવો હોય, પ્રગતી કરવી હોય તો સૌ પ્રથમ તેમણે સંગઠીત બની એકબીજાને સહયોગી થવું જોઈએ. આવું કરવા માટે સામાજીક એકતા ખૂબ જરૂરી છે. આ માટેની પહેલ ઈ. સ. ૧૯૦૪માં જ્ઞાતિના મુંઠી ઉંચેરા માનવી પૂ. હિંડોચાબાપાએ કરી હતી. તેઓએ લોહાણા સમાજને સંગઠીત કરવા, સંપ અને એકતા આણવા પ્રતિજ્ઞા લીધી હતી કે જયાં સુધી મારા સમાજને હું ભેગો ન કરી શકું, એકતા ન લાવી શકું ત્યાં સુધી પગમાં જોડા નહી પહેરુ અને મીઠાઈ નહી ખાઉ. સમાજને એકત્રીત કરવો એ જ જીવનનું મુખ્ય ધ્યેય અને લક્ષ્ય. સતત છ વર્ષ સુધી તેઓ ગામે ગામ ફર્યા, સૌને મળ્યા ઈ.સ. ૧૯૧૦માં સંગઠનનું એક માળખું રચ્યું અને તેને નામ આપ્યું ''લોહાણા મહાપરિષદ''..... ને પરિષદની સ્થાપના પછી સમાજમાં જાગૃતિ આવી..... ચેતનાનો સંચાર થયો..... સમાજ ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃતિઓ થઈ, પરિણામ સ્વરૂપ ''પરિષદ'' દ્વારા બીજા ચાર અધિવેશનો થયા. ત્યાર પછી થોડો સમય સંસ્થા સુષુપ્ત અવસ્થામાં ધકેલાઈ ગઈ. થોડા વર્ષો બાદ પૂ. છગનબાપા-લિજ્જત સંસ્થાના સ્થાપક કે જેમણે ખૂબ નાની વયે સંસારની મોહમાયા ત્યાગી ''શ્રી લોહાણા મહાપરિષદ'' રઘુવંશી સમાજને આપી જેનું પહેલું અધિવેશન ૧૯૫૨માં મુંબઈ ખાતે મળ્યું, જેના પહેલા સ્વાગત પ્રમુખ હતા બહુમુખી પ્રતિભાવંત જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રી નાનજી કાલીદાસ મહેતા. શ્રી નાનજીભાઈ મહેતા પણ આવુંજ ઉંચ વ્યક્તિત્વ અને આવી જ ઉમદા મનોભુમિકા ધરાવતા હતા. કહેવાનું તાત્પર્ય એ જ કે ''પરિષદ'' અને ''મહાપરિષદ''ના પાયામાં સમર્પણ અને ત્યાગ તેમજ સંગઠન અને વિકાસની ભૂમિકા રહી છે. આમ, શ્રી લોહાણા મહાપરિષદને તેના સ્થાપના કાળથી જ અત્યાર સુધીમાં આવા ઉચ્ચ આદર્શ ૧૩ વ્યક્તિત્વો નું નેતૃત્વ પ્રાપ્ત થયું છે... ને આ પરંપરાને જાણે આગળ ધપાવતા હોય તે રીતે તન, મન અને ધનથી ૨૪x૭ કાર્ય કરી રહ્યા છે ૧૪માં પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી.

આપણા માટે એ ગર્વની બાબત છે કે આપણા પૂર્વ પ્રમુખશ્રીઓએ પણ સંગઠન માટે વૈશ્વિક કક્ષાએ સંમેલનો કરેલા પરંતુ વેપારના ક્ષેત્રના માધ્યમથી વૈશ્વિક કક્ષાએ જ્ઞાતિના વ્યવસાયિક દિગ્ગજો એક મંચ પર ભેગા મળી એક બીજાને સહયોગ આપવા તત્પર હોય તે કદાચ આ પ્રથમ વિરલ ઘટના છે. તા. ૧૯ થી ૨૨ માર્ચ, ૨૦૨૩ દરમિયાન મુન્યોન્યો-કમ્પાલા, યુગાન્ડા ખાતે યોજાનાર આ ''લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેશ ફોરમ (LIBF)'' એક એવી પહેલ છે જેનો હેતુ વિશ્વના લોહાણા વ્યવસાયિકોને જોડવાનો અને બજારની તકો તેમજ વ્યવસાયો માટે સહભાગી દેશોના નિયમનકારી અને નાણાકીય વાતાવરણને-માહોલને વધુ સારી રીતે સમજવાનો છે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ બિઝનેશ સમિતિ દ્વારા જ્ઞાતિના દિગ્ગજ વ્યાવસાયિકો આયોજન કરી રહ્યા છે ત્યારે યુગાન્ડા, તાંઝાનિયા, કેન્યા, ડીઆર કોંગો, રવાન્ડા, કુવેત, ઓમાન, જર્મનિ, પોર્ટુગલ, ઘાના, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જાપાન, હોંગકોંગ, સિંગાપોર, યુ. કે., યુએસએ, કેનેડા, ભારત સહિત ૩૭ દેશોમા વસતા લોહાણા ઉદ્યોગપતિઓ અને વ્યવસાયિકોને આમંત્રીત કરાયા છે અને આ લખાય રહ્યું છે ત્યારે કુલ ૩૭ માંના ૨૧ થી વધુ દેશોના ૯૧૨ રજીસ્ટ્રેશન થઈ ચુક્યા છે, ૧૨૦ સ્ટોલ બુક થઈ ચુક્યા છે અને બાકી રહેલા દેશોમાંથી રજીસ્ટ્રેશન થવાની પૂરી શ્રદ્ધા છે. **"what a great response!!!"** આપણે એવું કહી શકીએ કે **"well begin is half done."**

આપણા વિઝનરી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી અને આ પ્રકલ્પમાં આયોજનમાં દિવસ રાત મહેનત કરી રહેલા સૌ જ્ઞાતિ શ્રેષ્ઠીઓને બિઝનેશ ફોરમ ની સાંગોપાંગ સફળતા માટે અઢળક શુભ કામનાઓ ....

**પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# રાયપુર (છત્તીસગઢ) ખાતે મળેલી કારોબારી સમિતી તથા મધ્યસ્થ મહા સમિતીની બેઠકનો ટૂંક અહેવાલ



શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના પ્રમુખ પદ હેઠળ પ્રથમ શ્રી લોહાણા મહાપરિષદની પંચમ કારોબારી તથા શ્રી સતિષભાઈના પ્રમુખ પદ હેઠળ પ્રથમ મધ્યસ્થ મહાસમિતીની બેઠક રાયપુર લોહાણા મહાજન અને ઝોન ૧૧ના આમંત્રણથી તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૨ થી તા. ૧૮ ડિસેમ્બર ૨૦૨૨ સુધી બોલાવવામાં આવી હતી.

કારોબારી સમિતીના પ્રથમ દિવસે તા. ૧૬મી ડિસેમ્બરના રોજ શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સમિતિઓ એ પોતપોતાના ક્ષેત્રમાં થયેલ કામગીરીનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.

મહિલા સમિતીનું કાર્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ સુંદર કામગીરી કરી રહ્યું છે તેની નોંધ સર્વ હાજર રહેલા મહાનુભાવો એ લીધી હતી, નારી શક્તિ અને યુવા શક્તિમાં આવેલી

જાગૃતી અને જ્ઞાતિ પ્રત્યેની કાર્યનિષ્ઠા ઉજ્જવળ ભવિષ્ય તરફ અંગુલી નિર્દેશ કરે છે તેવો સર્વ સભ્યોનો અભીપ્રાય હતો.

શનિવાર તા. ૧૭મી ડિસેમ્બરે મળેલી કારોબારી સમિતિની બેઠકમાં માતૃસંસ્થાના તા.૧લી એપ્રીલ ૨૦૨૨ થી તા. ૩૦મી નવેમ્બર ૨૦૨૨ સુધીના અન ઓડિટેડ હિસાબોની રજૂઆત ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ અને શ્રી યોગેશભાઈ ઠકકરે






કરી હતી. શ્રી લોહાણા મહાપરિષદના પેન્ડીંગ વિવિધ પ્રકલ્પોની જાણકારી આપવામાં આવી હતી.

બે દિવસ પહેલા ટ્રસ્ટ બોર્ડની બેઠક વખતે અચાનક ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી એ પોતાના અંગત કારણોસર ટ્રસ્ટી તરીકે રાજીનામું આપ્યું હતું, ટ્રસ્ટ બોર્ડની બેઠકમાં હાજર રહેલા સર્વ ટ્રસ્ટીઓ એ શ્રી યોગેશભાઈ લાખાણીનો ફોન પર સંપર્ક કરી આ રાજીનામું પરત ખેંચવા સમજાવવાની કોશિશ કરી પરંતુ શ્રી યોગેશભાઈ લાખાણીનો ફોન પર સંપર્ક કરી શકયા નહીં. તેથી ભારે હૃદયે તેમની સેવાઓને બિરદાવી ટ્રસ્ટ બોર્ડ દ્વારા તેમનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું.

શ્રી યોગેશભાઈ લાખાણીના રાજીનામા બાબતે કારોબારી સમિતીના સભ્યો ને જાણ કરવામાં આવી હતી અને બંધારણની કલમ ૩૩ મુજબ રાજીનામા ના કારણે ખાલી પડેલી જગ્યા માટે નવા ટ્રસ્ટીની નિમણુક કારોબારી સમિતી કરી શકે છે, તે મુજબ કારોબારી સમિતિમાં ચર્ચા વિચારણા કર્યા બાદ યોગેશભાઈ લાખાણીની બાકીની મુદત માટે નવા ટ્રસ્ટી તરીકે ઝોન ૧૧ ના ઝોનલ પ્રમુખ શ્રી કિશનભાઈ મીરાણીની કામગીરી ને નિહાળી સર્વાનુમતે તેમની નીમણુંક કરવામાં આવી હતી.

બંધારણ સુધારા સમિતીના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ધેલાણી એ કારોબારી સમિતિની બેઠક સમક્ષ બંધારણ માં જે સુધારા સુચવાયા છે તેની વિગતવાર માહિતી આપી હતી અને કારોબારી સમિતીના સભ્યો પાસે પણ કોઈ સૂચન હોય તો મંગાવ્યા હતા.

સાંજે ચાર વાગ્યા પછી આંતરરાષ્ટ્રીય એવોર્ડસ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરેઅપાયેલા એવોર્ડસ અંગે વિગતવાર માહિતી આ પહેલાં રઘુકુળ વિશ્વના અંકમાં પ્રગટ થઈ ચૂકી છે.






લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં કદાચ પહેલી વખત દરિયાપાર ના રઘુવંશી લોહાણા સમાજના સભ્યોની પ્રત્યક્ષ હાજરી નોંધાઈ હતી અને એવોર્ડ સ્વીકારવા ઉપરાંત આફ્રિકા અને યુ કે ના રઘુવંશી સમાજ દ્વારા કરાતા જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યો બાબતે સર્વ સભ્યો ને માહિતી આપવામાં આવી હતી.

યુ કે થી પધારેલા LUCK ના પ્રમુખ શ્રી ભરતભાઈ સોઢા એ લંડન અને તેની આસપાસ ના વિસ્તારોમાં સક્રિય લોહાણા મહાજનની વિગત આપી હતી, યુ કે માં કુલ ૧૮ લોહાણા મહાજન સક્રિય છે. અને LUCK આ સર્વ મહાજનોનું સંગઠન છે, તેવું જણાવી શ્રી ભરતભાઈ સોઢાએ ત્યાંના વાતાવરણમાં ખાસ કરીને યુવાનો ને જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોમાં કેવી રીતે રસ લેતા કરવા તે બાબત વિગતે ચર્ચા કરી હતી.

આફ્રિકા નાઈજીરીયા થી પધારેલા નાઈજીરીયા લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી ડો. વિમલભાઈ કંટારિયાએ જણાવ્યું હતું કે નાઈજીરીયા લોહાણા મહાજન ૧૦૦ વર્ષ પૂરા કરીને ૧૦૧ વર્ષમાં પ્રવેશી ગયું છે, શ્રી સતીષભાઈ વિઠલાણી એ આફ્રિકા, યુ કેની મુલાકાત લઈને શ્રી લોહાણા મહાપરિષદને સાચા અર્થમાં વૈશ્વીક સ્વરૂપ આપ્યું છે અને આંતરરાષ્ટ્રીય ઝોન બનાવીને વિદેશમાં રહેતા જ્ઞાતિજનોને મહાપરિષદમાં સક્રિય કર્યા છે, તે ખૂબ આનંદ અને ગૌરવની વાત છે.

કારોબારી સમિતીની બેઠકના અંતે આગામી કારોબારી સમિતી ની બેઠક જૂનાગઢ મુકામે જૂન ૨૦૨૩ માં બોલાવાશે તેની માહિતી અપાઈ હતી.

શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના પ્રમુખ પદે શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ મહાસમિતીની પ્રથમ બેઠક રાયપુર ખાતે તા. ૧૮મી ડિસેમ્બરે શ્રી રાયપુર લોહાણા મહાજન અને








ઝોન ૧૧ના યજમાન પદે મળી હતી એજન્ડા મુજબ ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટે શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટના નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના ઓડિટેડ હિસાબો રજૂ કર્યા હતા.

ખજાનચી શ્રી યોગેશભાઈ ઠક્કરે તા. ૧લી એપ્રીલ ૨૦૨૨ થી તા. ૩૦મી નવેમ્બર ૨૦૨૨ સુધીના અન ઓડિટેડ હિસાબની જરૂઆત કરી હતી તેમજ શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અપાતી સહાય અંગે વિગતવાર માહિતી આપી હતી.

શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટના રોજબરોજના સંચાલન માટે ટ્રસ્ટના પ્રમુખ ઉપરાંત માનદ મંત્રી અને ખજાનચી ની સહી બેંકમાં આમેજ કરવા માટે ચર્ચા વિચારણા બાદ મંજુરી આપવામાં આવી હતી.

સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે આવેલ ડઊિર્અતિથી ગૃહ બાબતે વિગતવાર માહિતી સૌને અપાઈ હતી.

ખેતવાડી, નાલાસોપારા અને મુલુંડ ખાતે નિર્વાસિત ગૃહ ની સ્થાવર મિલકત અંગે સર્વ સભ્યો ને માહિતી આપવામાંઆવી હતી.




શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટના ચાર ટ્રસ્ટીઓ ની મુદત પૂરી થતાં તેમની નિવૃતિ જાહેર કરવામાં આવી હતી અને તેમની ખાલી પડેલી જગ્યા માટે બંધારણની જોગવાઈ મુજબ મધ્યસ્થ મહાસમિતિ દ્વારા ચાર ટ્રસ્ટીઓ સર્વ શ્રી પ્રવીણભાઈ કોટક, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી ઉમંગભાઈ ઠક્કર અને શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીના નામ પર મધ્યસ્થ મહાસમિતિના સભ્યો દ્વારા સર્વસંમતિ સાથે મંજૂરી આપવામાં આવી હતી.

બંધારણ સુધારા સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી એ બંધારણની જોગવાઈ મુજબ





બંધારણ માં સુધારા વધારા કરવાની જરૂરત સમજાવી હતી, તે માટે એક બંધારણ સુધારા સમિતિની રચના કરવામાં આવી હતી, તેની અનેક બેઠકો બાદ કરવા ધારેલ સુધારા અંગે જૂન માસની કારોબારી સમિતિમાં તથા તારીખ ૧૭મી ડિસેમ્બરે રાયપુર ખાતે મળેલી કારોબારી સમિતિની બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી.

આ સર્વ પ્રક્રિયા દરમ્યાન કરાયેલ પુખ્ત ચર્ચા વિચારણા બાદ શ્રી મહેન્દ્રભાઈ ધેલાણીએ મધ્યસ્થ મહાસમિતિ સમક્ષ સૂચિત બંધારણ સુધારાની રજૂઆત કરી હતી. લાંબી ચર્ચા વિચારણા ના અંતે મધ્યસ્થ મહાસમિતિના સભ્યો દ્વારા સર્વસંમતિ સાથે સૂચિત બંધારણા સુધારા વધારાને તાત્કાલીક ધોરણે અમલમાં આવે તે રીતે મંજૂરી આપવામાં આવી હતી.

શ્રી રાયપુર લોહાણા મહાજન અને ઝોન૧૧ના સર્વ સભ્યો દ્વારા કરવામાં આવેલી ઉત્તમ વ્યવસ્થા બદલ સૌનો આભાર માની ને સર્વ કાર્યકર્તાઓ નું બહુમાન કરાયું હતું.



# આફ્રિકાની મુલાકાત દરમિયાન લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ના અનુભવો



આદરણીય ભાઈશ્રી / બહેનશ્રી

કહેવાય છે કે ''જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'' પણ મને કહેવા દો કે જયાં જયાં વસે એક રઘુવંશી ત્યાં ત્યાં સદાકાળ વહે પ્રેમની સરવાણી.

શ્રી લોહાણા મહાપરિષદ ના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યાર બાદ ખૂબ જ ટૂંક સમયમાં ફરી એક વખત આફ્રિકા આવવાનું થયું અને આપ સૌના સ્નેહ મિલન માં સહભાગી બનવા નો અમૂલ્ય મોકો મળ્યો.

સો વર્ષથી વધુ સમય પહેલા આપણા વડીલો પોતાનું વતન છોડીને આફ્રિકાની અજાણી ભોમ પર રોજી રોટી માટે આવ્યા અને અહીં જ સ્થાયી થઈ ગયા, સ્થાનિક લોકો સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા, અને સમસ્ત પરિસર ના લોકોના દિલ, પોતપોતાના અનોખા સૌજન્ય થી જીતી લીધા.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી નાનજીભાઈ કાલિદાસે શ્રી લોહાણા મહાપરિષદનું સુકાન સંભાળ્યું ત્યારે તેઓ આફ્રિકા માં સ્થાયી થઈ ચૂક્યા હતા પણ પોતાના વતન ને ક્યારેય પણ ભૂલ્યા ન હતા, તેમના વિદુષી પુત્રી સવિતા દીદી ના સંગાથે પોતાના વતન પોરબંદરમાં વસતી બહેનો માટે કંઈક કરવાની ભાવના સાથે તેમણે આર્ય કન્યા વિદ્યાલય સ્થાપવાનો નિર્ણય લીધો હતો જે આજે એક વટ વૃક્ષ બની ને ઉભુ છે. વડીલોની આ ભાવના અને સંસ્કાર મને આજે પણ નાના મોટા આપ સૌ રઘુવંશી ઓમાં જોવા મળ્યા.

મારી બંને મુલાકાત વખતે આફ્રિકા ના અલગ અલગ દેશોમાં વસતા સૌ રઘુવંશી સમાજના લોકો ના પ્રેમ અને આદર નો મને અનુભવ થયો તે માટે હું મારી જાત ને ખૂબ સદભાગી માનું છું અને આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.







લોહાણા કૉમ્યુનિટી સ્પોર્ટસ ફેસ્ટીવલના આયોજનમાં આપ સૌની એકતા અને સંગઠન ખૂબ અદ્‌ભૂત, સરાહનીય અને અનુકરણીય હતા.

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરીને ત્યાં જન્મેલા અને ત્યાં જ મોટા થયેલા સૌ પ્રથમ ભગવાનની ભાવ પૂર્વક સ્તુતી કરીને પછી જ દરેક કાર્યક્રમ નો આરંભ કરતા હતા, વડીલો એ જે સંસ્કાર નું સિંચન કર્યું છે તેનું આમાં દર્શન થતું હતું.

ગુડ મોર્નિંગના બદલે સૌ જયશ્રી કૃષ્ણ બોલતા હતા તેવું તો હવે અહીં ભારતમાં પણ ભાગ્યે જ જોવા મળે છે.

બહેનો અને દિકરીઓ એ ભરત નાટયમ, કથ્થક નૃત્ય જેવી કળાને આત્મસાત કરીને ભારતીય સંસ્કૃતી ને હૃદયના ઊંડાણમાં ઉતારી દીધી છે.

દરેક વયના બાળકો, યુવાનો, મહિલાઓ, પુરૂષો એ સાથે મળીને સકારાત્મક ભાવના અને સંગઠન સાથે સમસ્ત કાર્યક્રમ ને ચાર ચાંદ લગાવી દીધા હતા.

યુવાનો ની ખેલદિલી, વડીલોનું માર્ગદર્શન, બહેનો ની કોઠાસૂઝ આ બધાં ના કારણે આપનો સમસ્ત કાર્યક્રમ ખૂબ જ સારી રીતે દીપી ઉઠ્યો.

દરેક ક્ષેત્રે ખૂબ જ સુંદર આયોજન, અને એકદમ જ પ્રોફેશનલ ટચ સાથે યુવા શક્તિ અને મહિલા શક્તિ નો પૂર્ણ ઉપયોગ કરીને આપના દ્વારા આયોજિત આ ૩૬મો સ્પોર્ટસ ફેસ્ટીવલ મારા માટે ખૂબ યાદગાર બની રહ્યો છે.

ઈ.સ. ૧૯૭૭માં શ્રી દામજીભાઈ માંડવીયા, શ્રી જયંતભાઈ બદિયાની અને શ્રી સુભાષભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ આ કાર્યક્રમને ૩૬ વર્ષ પૂર્ણ થયા છે, આગામી કાર્યક્રમ કંપાલામાં યોજાશે, ત્યારે એક સૂચન કરવાનું મન થાય છે, જુના જમાનામાં સંદેશ વ્યવહારનો અભાવ હતો પણ હવે ટેકનોલોજી ના માધ્યમથી વિશ્વભરમાં



ઘડીના છઠ્ઠા ભાગમાં સંદેશા મોકલી શકાય છે, તો આપ સૌના સફળ આયોજન ને ફક્ત આફ્રિકા પૂરતો સીમિત ન રાખતાં તેને વૈશ્વિક સ્વરૂપ આપી શકાય કે નહીં ?




વિશ્વ સ્તરે વસતા આપણા જ્ઞાતિજનો ના કૌશલ્ય ને પ્રોત્સાહન મળે અને એકબીજા સાથે જોડાયેલા રહીને વિચાર વિર્મશ કરીને રઘુવંશી સમાજ ને એક નવી ઊંચાઇ પર લઈ જઈ શકાય.

સ્પોર્ટસની સાથે સાથે આપણા યુવાનો ને જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોમાં રસ લેતા કરીને તેમની યુવા શક્તિનો પણ પૂર્ણ લાભ લઈ શકાય.

આપ સૌ આ બાબતે વિચારણા કરીને યોગ્ય માર્ગદર્શન આપશો તો રઘુવંશી સમાજની એક ખૂબ મોટી સેવા થશે તેવું મારું માનવું છે. આપ સૌ એ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે મને આમંત્રણ આપ્યું અને આદરભાવ વ્યક્ત કર્યો તે બદલ આપ સૌ નો ખૂબ ખૂબ આભાર...

વ્યક્તિગત રીતે મને લાગે છે કે મેં આફ્રિકાની મુલાકાત લીધી ન હતી પણ આફ્રિકાની તીર્થયાત્રા કરી હતી.

ફરી એક વખત આબાલ વૃદ્ધ સૌને ખૂબ આદર સાથે કૃતજ્ઞતા ની લાગણી વ્યક્ત કરું છું.

**સતિષ વિઠ્ઠલાણી** ના

જય રઘુવંશ, જય જલારામ, જય મહાપરિષદ





# કેન્યાથી પધારેલા મહેમાનોનું સ્વાગત




માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને મહિલા અધ્યક્ષા-ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી એ સેવાભાવના અને સંગઠનના ભાવથી કેન્યાથી પધારેલા મહેમાનો આપણા જ્ઞાતિબંધુ શ્રીમતી મીનાબેન (એવાર્ડ કમિટી અધ્યક્ષ એબ્રોર્ડ) તથા શ્રી રમેશભાઈ ખગ્રામ, તાન્ઝાનિયાથી પધારેલા શ્રીમતી રોઝીબેન અને શ્રી નવીનભાઈ કાનાબાર (ઝોનલ પ્રેસિડેન્ટ તાન્ઝાનિયા), કંપાલા / યુગાન્ડાથી પધારેલ શ્રી સંજયભાઈ ઠકકર (ઝોનલ સેક્રેટરી યુગાન્ડા) યુએસએ થી પધારેલ શ્રીમતી સીમાબેન અને શ્રી ભાર્ગવભાઈ કાપડિયા ના આવકાર હેતુ તા. ૧૨-૧૨-૨૦૨૨ના સોમવારના રોજ **Orient** કલબ ચોપાટી મુંબઈ ખાતે ખાસ સ્વાગત સમારોહ યોજયો હતો અને તેમનું ભાવભીનું સ્વાગત કરી તેમને આવકાર આપ્યો હતો. આ સાથે શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ બીજા અનેક મહાપરિષદના વિરષ્ઠ સભ્યોને પણ આમંત્રિત કર્યા હતા. વિદેશ થી પધારેલા દરેક મહાનુભવોએ પોતપોતાના ક્ષેત્રમાં લોહાણા સમાજ દ્વારા થઈ રહેલા કાર્યોની વિસ્તૃત જાણકારી આપી હતી અને વધુ મા જણાવ્યું હતું કે એવા પણ આપણા જ્ઞાતિબંધુઓ છે કે જેમને મહાપરિષદ વિશેની કોઈ જાણકારી નહોતી પરંતુ આપણા હાલના મહાપરિષદના પ્રમુખશ્રી સતિષભાઈની મહેનત અને સંગઠન ભાવનાને લઈને હવે તેઓને પણ આપણી જ્ઞાતીની મહાપરિષદ અને તેની પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી મળી છે. સર્વે ઉપસ્થિત મહેમાનોએ મહાનુભાવોને તાળીઓથી વધાવ્યા હતા. ત્યારબાદ શ્રી સતિષભાઈ તથા શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી તરફથી યોજવામાં આવેલ રાત્રિ જમણની સુંદર સ્વાદિષ્ટ વ્યવસ્થા ને પ્રેમપૂર્વક ન્યાય આપી સર્વે છુટા પડયા હતા.







# શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને મહિલા અધ્યક્ષા-ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ લંડન થી આવેલા મહેમાનોનું કરેલું સ્વાગત.



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને મહિલા-અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી એ સેવાભાવના અને સંગઠનના ભાવથી લંડન થી પધારેલા મહેમાનો આપણા જ્ઞાતિબંધુ શ્રીમતી અને શ્રી ભરતભાઈ સોઢા (ઝોનલ અધ્યક્ષ યુ.કે / યુરોપ) તથા યુએઈ થી પધારેલ શ્રીમતી અને શ્રી ભરતભાઈ રૂપારેલ (રીજનલ અધ્યક્ષ યુએઈ), યુકે થી પધારેલ શ્રી લલીતભાઈ સોઢા (ડૉ. અને LMP Awardee), Nakuru Kenya થી પધારેલ શ્રીમતી અને શ્રી રમેશભાઈ ઠકકર (સિનિયર કોમ્યુનિટી લિડર અને LMP Awardee)ના આવકાર હેતુ તારીખ ૬-૧૨-૨૦૨૨ ના મંગળવાર ના રોજ Orient કલબ ચોપાટી મુંબઈ ખાતે ખાસ સ્વાગત સમારોહ યોજયો હતો અને





તેમનું ભાવભીનું સ્વાગત કરી તેમને આવકાર આપ્યો હતો. આ સાથે શ્રી સતિષભાઈ અને શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ બીજા અનેક મહાપરિષદના વિરષ્ઠ સભ્યોને પણ આમંત્રિત કર્યા હતા. વિદેશ થી પધારેલા દરેક મહાનુભાવોએ પોતપોતાના ક્ષેત્રમાં લોહાણા સમાજ દ્વારા થઈ રહેલા કાર્યોની વિસ્તૃત જાણકારી આપી હતી અને વધુમા જણાવ્યું હતું કે એવા પણ આપણા જ્ઞાતિબંધુઓ છે કે જેમને મહાપરિષદ વિશેની કોઈ વિશેષ જાણકારી નહોતી પરંતુ આપણા હાલના મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈની મહેનત અને સંગઠન ભાવનાને લઈને હવે તેઓને પણ આપણી જ્ઞાતીની મહાપરિષદ અને તેની પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી મળી છે. શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના ભાઇચારા તથા સર્વેને સાથે રાખીને કાર્ય કરવાની ભાવનાની પ્રશંસા કરી હતી. સર્વે ઉપસ્થિત મહેમાનોએ મહાનુભાવોને તાળીઓથી વધાવ્યા હતા. ત્યારબાદ શ્રી સતિષભાઈ તથા શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી તરફથી યોજવામાં આવેલ સ્વાદિષ્ટ રાત્રિ જમણને ઉપસ્થિત સર્વેએ પ્રેમપૂર્વક ન્યાય આપ્યો હતો અને છુટા પડ્યા હતા.





# જામનગરના સેવાભાવી અને અગ્રણી ઉદ્યોગપતિશ્રી તથા શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ લાલ ની ભાવનગરની શુભેચ્છા મુલાકાત



જામનગર શહેરમાં તાજેતર માં ૧૧૧ જેટલી સર્વ જ્ઞાતિ દીકરીઓ ના સમૂહ લગ્ન કરાવનાર તેમજ જામનગર મહાનગરપાલિકા ને આધુનિક નવું આરોગ્ય કેન્દ્ર બનાવી આપનાર ઉપરાંત અનેક સામાજિક સેવાઓ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિશ્રી તેમજ શ્રી લોહાણા મહાપરિષદ ના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ લાલ તાજેતર માં એક સામાજિક પ્રસંગે ભાવનગર આવેલ હોય,તેમણે ભાવનગર ના લોહાણા સમાજ અને પરિષદ ના સ્વંયસેવકો અને રિજન ના હોદેદારો સાથેની મુલાકાત લીધી હતી અને સૌ શુભેચ્છકો અને સામાજિક અગ્રણીઓ ને મળ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી સાથે તેમણે રેડક્રોસ સંસ્થાની સેવાઓ ની મુલાકાત લીધી હતી. રેડક્રોસ વતી હોદ્દેદારો દ્વારા તેમનું સ્વાગત કરવા માં આવ્યું હતું.





## એક દિવસીય ક્રિકેટ સ્પર્ધા (શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન-કોંકણ વિભાગ અને યજમાન મહાજન હાલાઈ લોહાણા ફાઉન્ડેશન થાણાના સંયુક્ત ઉપક્રમે)





શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન-કોંકણ વિભાગ અને યજમાન મહાજન હાલાઈ લોહાણા ફાઉન્ડેશન થાણાના સંયુક્ત ઉપક્રમે તા.૨૨મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજે એક દિવસીય ક્રિકેટસ્પર્ધાનું ભવ્ય આયોજન છત્રપતિ શિવાજી મહારાજ ક્રિડાંગણ-કોન-કલ્યાણ રમણીય પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ કોંકણ વિભાગના ૧૩ (તેર) મહાજનો ની દસ ટીમ વચ્ચે ક્રિકેટ મેચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના મહારાષ્ટ્ર ઝોનલ પ્રેસીડેન્ટ અને શ્રી લોહાણા સમાજ (સંગઠન) ટ્રસ્ટ-કોંકણ વિભાગીય પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, મહારાષ્ટ્ર ઝોનલ સેક્રેટરી શ્રી હર્ષદભાઈ મણિધર, કોંકણ વિભાગના સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન ઠકકર, જોઈન્ટ સેક્રેટરી શ્રી કેયુરભાઈ ઠકકર, કોંકણ વિભાગ-સહ યજમાન શ્રી હાલાઈ લોહાણા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કેતનભાઈ પ્રતાપભાઈ ઠકકર, શ્રી વિનીતભાઈ, શ્રી હિતેનભાઈ માણેક, શ્રી સનતભાઈ માણેક અને અન્ય હાલાઈ લોહાણા ફાઉન્ડેશન થાણે-ટ્રસ્ટના કમિટી મેમ્બર્સ, શ્રી થાણે હાલાઈ લોહાણા મહાજન પ્રમુખશ્રી મહેશભાઈ ઠકકર તથા કોંકણ વિભાગના ઘટક મહાજનો ના પ્રમુખશ્રીઓના હસ્તે દીપ પ્રાગટય અને ટોસ ઉછાળી સર્વે મહાનુભાવોની હાજરીમાં ટુર્નામેન્ટ પ્રારંભ કરવામાં આવ્યો. ઘટક મહાજનો ના પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ, શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય પ્રમુખશ્રી, પદાધિકારીઓ, ૧૩ મહાજનો ના ક્રિકેટ ખેલાડીઓ અને ક્રિકેટ રસીકો ની ૩૫૦ જણ ની માનવ મેદની થી કોન-કલ્યાણ નો મેદાન ભરાયેલો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ અધ્યક્ષા તથા ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, શ્રી મહારાષ્ટ્ર ઝોનલના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, શ્રી લોહાણા મહાપરિષદ મા. મંત્રી ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, મહારાષ્ટ્ર ઝોનલ સેક્રેટરી શ્રી હર્ષદભાઈ મણિધર, પુનાથી ખાસ પધારેલા લોહાણા મહાપરિષદ પશ્ચિમ મહા. વિભાગીય અધ્યક્ષ શ્રી ધીરજભાઈ રાજા, પશ્ચિમ મહારાષ્ટ્ર રિજનલ સેક્રેટરી શ્રી રાજેશભાઈ મદલાણી, શ્રી પુના લોહાણા મહાજન પ્રમુખશ્રી દિલીપભાઈ કોટક, **SPLM** સેક્રેટરી શ્રી ધવલભાઈ પરમાણી, શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના સેક્રેટરી શ્રી નીતિનભાઈ પાંધી, સેન્ટ્રલ મુંબઈ રિજન ના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ દૈયા, શ્રી વિનોદભાઈ તન્ના (પૂના), શ્રી સુમિતભાઈ દાસની (પૂના) અને વિજેતા ટીમો ને પ્રોત્સાહન માટે પધારેલા મહેમાનોના વરદ હસ્તે ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી. અન્ય પધારેલા મહેમાનોમાં કોંકણ વિભાગ ના ઘટક મહાજનો થી શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન પ્રમુખ શ્રી મહેશભાઈ ઠકકર અને પદાધિકારીઓ, હાલાઈ લોહાણા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કેતનભાઈ ઠકકર અને કમિટી મેમ્બર્સ, શ્રી લોહાણા સમાજ નવી મુંબઈના પ્રમુખ શ્રી તરુણભાઈ કોટક-કમિટી




મેમ્બર્સ, શ્રી ડોમ્બિવલી લોહાણા સમાજના પ્રમુખ શ્રી માધવજીભાઈ ઠકકર અને કમિટી મેમ્બર્સ, શ્રી કલ્યાણ લોહાણા મહાજનના પ્રમુખશ્રી બિરેનભાઈ ઠકકર અને કમિટી મેમ્બર્સ, શ્રી પનવેલ લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમતી સુજાતાબેન ઠકકર, શ્રી ભાવિનભાઈ ઠકકર અને કમિટી મેમ્બર્સ, શ્રી ખોપોલી-પરલી-જાંબુલપાડા લોહાણા મહાજનના પ્રમુખશ્રી શૈલેષભાઈ વિઠ્ઠલાણી, શ્રી અભયભાઈ તન્ના અને કમિટી મેમ્બર્સ, શ્રી સમસ્ત લોહાણા મહાજન ભિવંડીના ટ્રસ્ટી શ્રી પ્રદિપભાઈ રુઘાની અને કમિટી મેમ્બર્સ, શ્રી ઉરણ લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમતી સ્વાતિબેન ઠકકર, પૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઈ ઠકકર, કોંકણ વિભાગ ટ્રસ્ટી શ્રી ચંદ્રકાન્તભાઈ ઠકકર (ઉરણ), અને કમિટી મેમ્બર્સ, શ્રી લોહાણા સમાજ ઉલ્હાસનગર અમ્બરનાથ બદલાપૂર પ્રમુખ શ્રી તરુણભાઈ લાલાઈ અને શ્રી ભરતભાઈ ચંદન, એચ એલ એમ સ્ટ્રાઈકર ટીમ મીરા રોડ વિરાર વિભાગ ના પ્રિતિનિધિ શ્રી અદિત સંજયભાઈ ચંદારાણા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પધારેલ મહાજના પ્રમુખશ્રી અને અન્ય મહેમાનોનું સ્વાગત શૉલ, બુકે, શ્રીફળ અને સ્મૃતિચિહ્ન થી કરવામાં આવ્યું હતું. મેચની વિજેતા ટીમોને પ્રોત્સાહિત કરવા પધારેલા લોહાણા મહાપરિષદ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, લોહાણા મહાપરિષદ મહિલા પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોનલ પ્રેસિડેન્ટ શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોનલ સેક્રેટરી શ્રી હર્ષદભાઈ મણિઘર, પશ્ચિમ મહારાષ્ટ્ર રિજનલ પ્રમુખ શ્રી ધીરજભાઈ રાજા (પૂના), પશ્ચિચ મહારાષ્ટ્ર રિજનલ સેક્રેટરી શ્રી રાજેશભાઈ મદલાની (પૂના), લોહાણા મહાપરિષદ સેન્ટ્રલ મુંબઈ રિજનલ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ દૈયા, શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ સેક્રેટરી શ્રી નીતિનભાઈ પાંધી અને લોહાણા મહાપરિષદ કોંકણ વિભાગના મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી.

બપોરે ૩.૦૦ કલાકે તેજ સ્થળે કોંકણ વિભાગની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૩ ઘટક મહાજનો અને આમંત્રિત મહાનુભાવો સહિત ૭૦ સભ્યોની હાજરી વચ્ચે ઘટક મહાજનોના પ્રતિનિધિઓ એ પોતપોતાના મહાજનોના સમાજલક્ષી કાર્યોની સમજ આપી અને લોહાણા મહાપરિષદ ના વિવિધ સમિતિ અધ્યક્ષ મહોદયશ્રીઓ એ લોહાણા મહાપરિષદની યોજનાઓની માહિતી પ્રદાન કરી હતી.

ત્યારબાદ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાને વિજેતા રહેલ કલ્યાણ મહાજનની ટીમ અને દ્વિતીય સ્થાને રનર અપ રહેલ હાલાઈ લોહાણા ફાઉન્ડેશન થાણા ટીમને ટ્રોફીઓ આપી આદરભાવ સાથે સત્કારવામાં આવી હતી.

સવારે ૮.૦૦ કલાકે થી સાંજે ૭.૦૦ કલાક સુધી ચા, કોફી, નાસ્તો, ભોજન, હાઈ-ટી નો સહુ એ રસાસ્વાદ માણ્યો હતો, યજમાન શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ કોંકણ વિભાગ (સંગઠન), સહ-યજમાન હાલાઈ લોહાણા ફાઉન્ડેશન થાણા ને કોંકણ ક્રિકેટ ૨૦૨૩ના આયોજન માટે આભાર સાથે અભિનંદન ની લાગણી વ્યક્ત કરી હતી.



# શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન - સમુહ યજ્ઞોપવિત સમારોહ




શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન - કોંકણ રિજન શ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ કોંકણ વિભાગ (સંગઠન) પ્રેરીત શ્રી કલ્યાણ લોહાણા મહાજન અને માતુશ્રી શામબાઈ લોહાણા મહાનજવાડી ટ્રસ્ટ દ્વારા આયોજીત સમુહ યજ્ઞોપવિત સમારોહ ૨૦૨૩ નું આયોજન ગુરૂવાર, તા.૨૬.૦૧.૨૦૨૩ (વસંત પંચમીના) ના રોજ માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી કલ્યાણ ખાતે ધામધૂમથી સંપન્ન થયું.

આ સંયુક્ત આયોજન માં મુખ્ય અતિથિ વિશેષ રૂપે આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના આપણા સૌના પ્રેરણામૂર્તિ સન્માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

આપણા સૌના લાડીલા સમાજ શ્રેષ્ઠી, દાનવીર-શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા (પ્રમુખશ્રી લોહાણા મહાપરિષદ ઝોન, ટ્રસ્ટી અને પ્રમુખશ્રી લોહાણા સમાજ ટ્રસ્ટ કોંકણ વિભાગ-સંગઠન, ટ્રસ્ટીશ્રી લોહાણા સમાજ નવી મુંબઈ) એ મુખ્ય યજમાન અને સંગઠન ના પ્રમુખ તરીકે બેવડી ભૂમિકા નિભાવી હતી.

કાર્યક્રમની શરૂઆત માં મુરબ્બી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા અને શ્રીમતી શિલ્પાબેન કારીયા (યુગલ સ્વરૂપ), શ્રી લોહાણા સમાજ નવી મુંબઈના ટ્રસ્ટી વડિલ મુરબ્બી શ્રી હિંમતભાઈ સોમૈયા, લો.સ.સં.મા.મંત્રી શ્રીમતી સ્વાતીબેન ઠક્કર, માં શા.લો.મ.ટ્રસ્ટ ના પ્ર.શ્રી કિશોરભાઈ સોઢા, શ્રી કલ્યાણ લોહાણા મહાજન પ્રમુખશ્રી બિરેનભાઈ ઠક્કર, શ્રી કલ્યાણ લોહાણા મહાજન માં.મંત્રી શ્રી જગદીશભાઈ ખીમાણી અને અન્ય ઘટક મહાજનો ના પદાધિકારીઓ શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ થી શ્રી તરૂણભાઈ કોટક, શ્રી વિજયભાઈ ગણાત્રા અને ટીમ, શ્રી પનવેલ લોહાણા મહાજન પ્રમુખ શ્રીમતી સુજાતાબેન ઠક્કર, માં. ભાવિન ઠક્કર અને ટીમ, શ્રી ઉરણ લોહાણા મહાજન થી ટ્રસ્ટી શ્રી ચંદ્રકાન્તભાઈ ઠક્કર અને ટીમ, શ્રી ખપોલી પરેલી જાંબુલપાડા મહાજન પ્રમુખશ્રી શૈલેષભાઈ વિઠ્ઠલાણી, શ્રી



અભયભાઈ તન્ના અને ટીમ, શ્રી ડોમ્બિવલી લોહાણા સમાજ ના પ્રમુખશ્રી માધવજીભાઈ ઠક્કર, શ્રીમતી જયશ્રીબેન કુલબુદવા, શ્રીમતી રીટાબેન ઠક્કર, શ્રી પ્રમોદભાઈ પુંજાણી અને ટીમ, શ્રી લોહાણા સમાજ મીરા ભાઈન્દર થી નયનાબેન અને શ્રી મનોજભાઈ વસાણી, શ્રી રઘુકુળ પ્રગતિ મંડળ વસઈના પ્રમુખશ્રી મનીષભાઈ કારીયા  અને ટીમ, શ્રી લોહાણા સમાજ ઉલ્હાસનગર, અમ્બરનાથ, બદલાપૂર થી શ્રી તરૂણભાઈ અને શ્રી ભરતભાઈ ચંદન, શ્રી સમસ્ત લોહાણા મહાજન ભિંવડી - રઘુવંશી ગ્રુપ ના મમતાબેન પરમાણી, શ્રી સમીતભાઈ



કેનતભાઈ રૂઘાણી, શ્રીમતી ચારૂલતાબેન બુધ્ધદેવ, શ્રીમતી નીતાબેન મુકેશભાઈ બુધ્ધદેવ, શ્રી કેતનભાઈ ઠક્કર અને ટીમ સાથે દિપ પ્રાગટય કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર અને ગુજરાત ના વિવિધ ગામોના ટોટલ (૨૯) બટુકો એ લાભ લીધો. માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ મહાપરિષદ દ્વારા વિવિધ આયોજનો-યોજનાઓ અંગે જ્ઞાતિજનો ને સવિસ્તાર માહિતી આપી હતી અને કલ્યાણ લોહાણા મહાજન દ્વારા આ આયોજન ની સરાહના કરી હતી.

મહાજન પ્ર.શ્રી બિરેનભાઈ ઠક્કરે ઉપસ્થિત મહાનુભાવો નુ સ્વાગત કર્યું હતું. મંત્રી શ્રી જગદીશભાઈ એ પ્ર.શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી અને અન્ય મહાનુભાવોને શ્રી કલ્યાણ લોહાણા મહાજન દ્વારા થતા વિવિધ કામોની માહિતી આપી હતી અને દરેક બટુકો ને કુલ (૪૨)ચીજ વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ પ્રસંગે ૧૦૦૦ થી વધારે જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો પ્રમુખશ્રી બિરેનભાઈએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો નો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કોંકણ રિજન (સંગઠન) ની મીટીંગ નુ પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**શ્રી કલ્યાણ લોહાણા મહાજન**

માં. મંત્રી જગદીશ ખીમાણી





## શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર (નોર્થ મહારાષ્ટ્ર) મકરસંક્રાંતિ ઉત્તરાયણ નિમિત્તે એક દિવસીય યાત્રા પ્રવાસ



શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર (નોર્થ મહારાષ્ટ્ર) ઝોન ના ઉપક્રમે મકરસંક્રાંતિ ઉત્તરાયણ નિમિત્તે યોજાયેલ તા. ૧૩-૧-૨૦૨૩ના રોજ એક દિવસીય યાત્રા પ્રવાસ નો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન... નાસિક પાસે ચાંદવણ ગામે સ્થિત રેણુકાદેવી શક્તિપીઠની આરાધના, ઈચ્છાપૂર્તિ ગણેશજીના દર્શન ની સાથે સાથે શિવજી ના દર્શન તથા હલ્દી કુમકુમ નો લાભ નાસિક, સતારા, પૂના, મુંબઈ, માલેગાંવ તથા વાશી ની બહેનો એ ઉત્સાહ પૂર્વક લીધો હતો. શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી (શ્રી લોહાણા મહાપરિષદ મહિલા અધ્યક્ષા તથા ટ્રસ્ટી), શ્રીમતી જયોતિબેન ઠક્કર (શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર અધ્યક્ષા), શ્રીમતી જયોતિબેન રાયચુરા (શ્રી લોહાણા નોર્થ મહારાષ્ટ્ર અધ્યક્ષા) ના સંગાથે યોજવામાં આવેલ. આ યાત્રા પ્રવાસમાં બહેનોએ આખો દિવસ વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત કરી, નોર્થ મહારાષ્ટ્ર ઝોન તરફથી આયોજન કરવામાં આવેલ વિવિધ રમતોની મજા તથા હાઈવે પર સ્થિત કાઠિયાવાડી ભોજન નો આસ્વાદ માણી હસતાં રમતાં રાત્રે મીઠી યાદો મમળાવતા સૌ છૂટા પડયા હતા.



# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ દક્ષિણ ગુજરાત ઝોન ૮
## સ્વાસ્થ્ય સાથે સ્વાલંબન - ઓનલાઈન કાર્યક્રમ

શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ દક્ષિણ ગુજરાત ઝોન ૮ દ્વારા તારીખ ૧૦-૦૧-૨૦૨૩ના રોજ નવા વર્ષમાં યોજાયેલ ''સ્વાસ્થ્ય સાથે સ્વાલંબન'' ઓનલાઈન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન... કાર્યક્રમની શરૂઆત પરંપરા મુજબ રઘુવંશી ગીત થી થઈ હતી અને દક્ષિણ ગુજરાતના મહિલા અધ્યક્ષા પ્રજ્ઞાબેન રાજાએ સૌને આવકારી શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીનો પરિચય આપ્યો હતો.

શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ શિયાળાના સમયમાં યોજાયેલ આ કાર્યક્રમને બિરદાવ્યો હતો અને ગૃહ ઉદ્યોગ કરતી બહેનોને ખાસ પ્રોત્સાહન અને માર્ગદર્શન મળી રહે તેવા આ કાર્યક્રમને પ્રેરણા પૂરી પાડી હતી.

કાર્યક્રમના વક્તા સ્નેહાબેન ઠક્કરનો પરિચય સુરત રિજીયન અધ્યક્ષા તાપીબેન ઠક્કરે આપ્યો હતો.

સ્નેહાબેન ઠક્કર જેઓ સ્વાદ સંસ્થાના સ્થાપક અને પ્રણેતા છે તેઓએ એનર્જી બાર અને પંજાબી શાકના મસાલા નું પ્રીમિક્સ બનાવીને લાઈવ સૌને શીખવ્યું હતું. પોતાનો બિઝનેસ કરવા માટે બહેનોને ખુબ સરળ ભાષામાં માર્ગદર્શન પણ પૂરું પાડયું હતું.

ભરૂચ અંકલેશ્વર અધ્યક્ષા ઈલાબેન પુજારાએ તેમના પ્રતિભાવો સાથે જ ગૃહ ઉદ્યોગ કરતી બહેનોને પ્રોત્સાહન મળે તે જરૂરી છે તો તેમની પાસેથી ખરીદી કરવી જોઈએ તેમ જણાવ્યું હતું.

સુરત નવસારીમાં પોતાની ફૂડ આઈટમનું વેચાણ કરતી બહેનોની જાહેરાત પણ કરવામાં આવી હતી. પોતાના ઘરે જ વિવિધ ફૂડ આઈટમો બનાવતી બહેનો ના નામ સરનામા સાથે વિગતવાર પરિચય નવસારી રીજીયન અધક્ષા ઊષાબેન હીરાણીએ કરાવ્યો હતો.

શિયાળુ વસાણા મેથીપાક બનાવતા પણ શીખવવામાં આવ્યું હતું. ત્યારબાદ રસોઈ શો કલર્સ ગુજરાતીમાં આવેલ કલ્પનાબેન માવાણીનો પરિચય વાપી વલસાડ અધ્યક્ષા કિશોરીબેન ધનેશાએ આપ્યો હતો. કલ્પનાબેન માવાણી દ્વારા આમળાની વિવિધ આઈટમો જેવી કે જામ, જેલી, અથાણું, મુખવાસ વિગેરે બનાવતા શીખવવામાં આવ્યું હતું. શિયાળામાં સ્વાસ્થ્ય ટિપ્સ પણ તેમણે આપી હતી.

